RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 102* Date: 08.02.2021 Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### સેનાના ૬૦૦ જવાન તૈનાત કરાયા,હરિદ્વાર સુધી એલર્ટ, મદદ માટે હેલ્પલાઈન નંબર જાહેર

# ઉત્તરાખંડના ચમોલીમાં ગ્લેશિયર તૂટતા તબાહી: અનેક લોકો તણાયાંની આશંકા



### રેણી ગામમાં મોટી તારાજીની આશંકા, રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે, ધુલિયાગંગા નદીનું પાણીનું લેવલ વધતા ગ્લેશિયર તૂટ્યું, જ્યાં જુઓ ત્યાં તબાહી...તબાહી, ઋષિ ગંગા પ્રોજેક્ટને મોટનું નુકસાન

દહેરાદૂન,તા.૭

ઉત્તરાખંડના ચમૌલીના રેણી ગામ નજીક ગ્લેશિયર તુટ્યો છે. આ ગ્લેશિયર તુટવાના કારણે અહીંના પાવર પ્રોજેક્ટ ઋષિ ગંગાને મોટું નુંકસાન પહોંચ્યું છે. સાથે જ ધૌલીગંગા ગ્લેશિયરની તબાહી સાથે તપોવનમાં બેરેજને મોટું નુકસાન થયું હોવાની જાણકારી મળી રહી છે.

તંત્રની ટીમ હાલ ઘટના સ્થળે પહોંચી ચુકી છે. હજુ સુથી સ્થિતિ સંપૂર્ણપણે સ્પષ્ટ નથી થઈ રહી કે આ તબાહીમાં કેટલું નુંકસાન થયું છે પરંતુ સ્થાનિકોએ બનાવેલા વીડિયો પરથી આ દુર્ઘટનાનો અંદાજો લગાવી શકાય છે. હાલ રાહત બચાવની કામગીરી માટે તંત્રની ટીમ ઘટના સ્થળે પહોંચી ચુકી છે. અહીં સ્થિતિને પહોંચી વળવા સેનાના ૬૦૦ જવાન તૈનાત કરવામાં આવ્યા છે.

આ ઘટનામાં જાનમાલનું મોટું નુંકસાન થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ઘટના સવારે આઠ થી નવ વાગ્યા વચ્ચેની છે. આ ઘટનાને લઈને તંત્ર એલર્ટ થઈ થયું છે. NDRFની ટીમ ઘટના સ્થળે પહોંચી ચુકી છે. આ ગ્લેશિયર ચમેલી થઈને ઋષિકેશ સુધી પહોંચશે. જેને લઈને જોશીમઠ, શ્રીનગર સુધી હાઈ એલર્ટ કરવામાં આવ્યું છે.

ચમોલીમાં ધૌલીગંગામાં મોટી હોનારત સર્જાય જેના કારણે ઋષિ ગંગા પ્રોજેક્ટને મોટું નુંકસાન પહોંચ્યું છે. આ પ્રોજેક્ટમાં કામ કરતા ૧૫૦ લોકો ગુમ છે. ઉત્તરાખંડના મુખ્યસચિવ ઓમ પ્રકાશે જણાવ્યું કે, ચમોલીમાં ગ્લેશિયર તૂટવાને કારણે ૧૦૦-૧૫૦ની જાનહાનિની આશંકા છે. આ પહેલા સ્થાનિક પ્રશાસને કહ્યું કે ઘટનામાં ૧૦ હજારથી વધુ લોકો પ્રભાવિત થવાની આશંકા છે.

ઉત્તરાખંડના ચમોલીમાં ગ્લેશિયર તૂટવાથી મોટી તબાહી મચી છે. આ આપદા બાદ ઉત્તરપ્રદેશમાં પણ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. ગંગા કિનારાવાળા જિલ્લામાં તંત્રને એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે. ઉત્તરપ્રદેશના બિજનૌર, કનૌજ, ફતેહગઢ, પ્રયાગરાજ, કાનપુર, મિર્ઝાપુર, ગઢમુક્તેશ્વર, ગાઝીપુર, વારાણસીમાં હાઈએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી રાવતે ટ્વીટ કરી હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. તેમણે ટ્વીટ કરી કહ્યું કે, જો તમે પ્રભાવિત ક્ષેત્રમાં ફસાયા છો, કોઈ પણ પ્રકારની મદદની જરૂર છે તો કૃપા કરી ડિઝાસ્ટર ઓપરેશન સેન્ટરના નં. ૧૦૭૦ અથવા ૯૫૫૭૪૪૪૮૬ સંપર્ક કરે. કૃપા કરી અફવા નહી ફેલાવો, હું પોતે ઘટના સ્થળે જવા રવાના થઈ રહ્યો છું, મારી સૌને વિનંતિ છે કે કૃપા કરી કોઈ જુનો વીડિયો શેર કરી દહેશત નહી ફેલાવતા. સ્થિતિનો સામનો કરવા માટે જરૂરી પગલાં ભરવામાં આવ્યા છે. તમે સૌ ધીરજ રાખજો.

ઉત્તરાખંડના સીએમ ત્રિવેંદ્ર સિંહ રાવતે કહ્યું કે, ચમોલી જિલ્લામાં એક આપદાની માહિતી મળી છે. જિલ્લા તંત્ર, પોલીસ અને ડિઝાસ્ટર સહિતના સંબંધિત વિભાગોને પરિસ્થિતિને પહોંચી વળવા સુચના આપી દેવામાં આવી છે. ITBPએ પણ નિવેદન જાહેર કરતા કહ્યું કે, રેણી ગામ નજીક ધૌલીગંગામાં ભારે પુર જોવા મળ્યું છે. ત્યાં આભ ફાટવાના કારણે જળાશય તુટવાના કારણે કેટલાંક જળસ્ત્રોતમાં પુરની સ્થિતિ આવી ગઈ છે અને ઘણી નદીઓના કિનારે ઘર તુટ્યા છે. જાનમાલ હાનિની નુંકસાનની સંખ્યા વધવાની શક્યતા છે. બચાવ કામગીરી માટે સેંકડો ITBPના જવાન પહોંચી ગયા છે.

આ દુર્ઘટના એવા સમયે આવી છે જ્યારે હરિદ્વારમાં કુંભ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉત્તરાખંડમાં વર્તમાન પૂરની પરિસ્થિતિએ લોકોને ૨૦૧૩ માં કેદારનાથ ધામની દુર્ઘટનાની યાદ અપાવી છે જેમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા હતા.

પાવર પ્રોજેક્ટ ધ્વસ્ત

ઉત્તરાખંડમાં ગ્લેશિયર ફાટ્યો છે જેમાં અનેક લોકો ફસાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જ્યારે ઋષિગંગા પાવર પ્રોજેક્ટ પણ ધ્વસ્ત થવાની વિગતો સામે આવી રહી છે. આ દુર્ઘટના બાદ તંત્ર એલર્ટ મોડ પર છે. નિચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડવામાં આવી રહ્યાં છે.

## કૃષિમંત્રી તોમરના માથે સત્તાનો નશો ચડી ગયો છે: ભાજપ નેતા રઘુનંદન શર્મા

ભોપાલ,તા.૭

ત્રણ નવા કૃષિ કાયદા મુદ્દે ખેડૂતો, વિપક્ષી દળો અને વિરોધીઓ તો કેન્દ્ર સરકારની આકરી ટીકા કરી રહ્યા છે પરંતુ હવે ભાજપના જ એક વરિષ્ઠ નેતાએ પણ જાહેરમાં નારાજગી વ્યક્ત કરી છે. રાજ્યસભાના પૂર્વ સાંસદ અને દિગ્ગજ નેતા રઘુનંદન શર્માએ કેન્દ્રીય કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમર પર આકરા પ્રહાર કરતા કહ્યું કે તેમના માથે સત્તાનો નશો ચડી ગયો છે. શર્માએ તોમર સામે એ વાત પર નારાજગી વ્યક્ત કરી કે જ્યારે ખેડૂતો જ પોતાનું ભલું ઈચ્છતા નથી તો તેઓ પોતાના પગલાં પાછા ખેંચીને ભાજપને થઈ રહેલા નુકસાનથી કેમ બચાવતા નથી.

પૂર્વ સાંસદ શર્માએ પોતાની ફેસબુક વોલ પર બે દિવસ પહેલા કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમરના નામે એક પત્ર લખ્યો જેમાં તેમણે કહ્યું કે, ×પ્રિય નરેન્દ્રજી, તમે ભારત શાસનમાં સહયોગી અને સહભાગી છો. આજની રાષ્ટ્રવાદી સરકાર બનતા સુધીમાં હજારો રાષ્ટ્રવાદીઓએ પોતાના જીવન અને યૌવનને ખપાવ્યું છે. ગત ૧૦૦ વર્ષથી જવાનીઓ પોતાના ત્યાગ, સમર્પણ, અને પરિશ્રમથી માતૃભૂમિની સેવા તથા રાષ્ટ્રહિત સર્વોપરીની વિચારધારાના વિસ્તારમાં લાગી છે. આજે તમને જે સત્તાના અધિકાર પ્રાપ્ત છે તે તમારા પરિશ્રમનું ફળ છે, તે ભ્રમ થઈ ગયો છે.×

પૂર્વ સાંસદ શર્માએ કૃષિમંત્રીને આકરા શબ્દોમાં કહ્યું કે, ×સત્તાનો મદ જ્યારે ચડે છે તો નદી, પહાડ કે વૃક્ષની જેમ દેખાતો નથી, તે અદ્રશ્ય હોય છે, જેવો હાલ તમારા માથે ચડી ગયો છે. પ્રાપ્ત દુર્લભ જનમતને કેમ ગુમાવી રહ્યા છો? કોંગ્રેસની તમામ સડેલી-ગળેલી નીતિઓ આપણે જ લાગૂ કરીએ, તે વિચારધારાના હિતમાં નથી. ટીપે ટીપે ઘડો ખાલી થાય છે, જનમત સાથે પણ આમ છે.× શર્માએ વધુમાં લખ્યું કે, ×તમારો વિચાર ખેડૂતોના હિતમાં હોઈ શકે છે, પરંતુ કોઈ જો સ્વયં પોતાનું જ ભલું ન થવા દેવા માંગતા હોય તો ભલાઈનો શું અર્થ. કોઈ નગ્ન, નગ્ન જ રહેવા માંગે તો જબરદસ્તીથી તેમને કપડાં શું કામ પહેરાવવાના? તમે રાષ્ટ્રવાદને બળશાળી બનાવવામાં બંધારણીય તાકાત લગાવો, ક્યાંક પાછળથી પસ્તાવવું ન પડે. હું વિચારું છું કે વિચારધારાના ભવિષ્યને સુરક્ષિત રાખવાનો સંકેત સમજી ગયા હશો.

### ઢેકિયાજુલીમાં મોદીએ આસામ માલા હાઈવે પ્રોજેક્ટનો પ્રારંભ કર્યો

# આસામને વિકાસ માટે લાંબી રાહ જોવી પડી: મોદી



### ટી-કામદારોને મદદ કરી, તો પણ બદનામ કરી રહ્યા છે, દરેક રાજ્યમાં સ્થાનિક ભાષામાં શરૂ થશે મેડિકલ અને ટેક્નિકલ કોલેજ

સોનિતપુર,તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે આસામ અને પશ્ચિમ બંગાળના પ્રવાસ પર છે. પહેલા તેઓ આસામ પહોંચ્યા હતા. સોનિતપુરમાં એક રેલીમાં મોદીએ કહ્યું હતું કે દેશમાં સવારના પૂર્વોત્તરથી થાય છે, પરંતુ પૂર્વના વિકાસની સવાર માટે ઘણી રાહ જોવી પડી. છેલ્લા ૧૬ દિવસમાં તેઓ બીજી વખત આ રાજ્યમાં પહોંચ્યા છે. આ પહેલાં તેમણે ૨૩ જાન્યુઆરીએ નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતિ પર બંને રાજ્યોની મુલાકાત લીધી હતી.

સોનિતપુરના ઢેકિયાજુલીમાં મોદીએ આસામ માલા હાઈવે પ્રોજેક્ટનો પ્રારંભ કર્યો. વિશ્વનાથ અને ચરાઈદેવમાં એક મેડિકલ કોલેજ અને હોસ્પિટલનો શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટની કુલ અંદાજિત કિંમત ૧૧૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનું જણાવાઈ રહ્યું છે.

શહીદોની શહાદતની સાક્ષી આ આસામની સોનિતપુરની આ ધરતી, આસામનો ભુતકાળ વારંવાર મને આસામીયા ગૌરવથી ભરી દે છે. હિંસા, વંચિતતા, તણાવ, ભેદભાવ, પક્ષપાત, સંઘર્ષ જેવી વાતોને છોડીને સમગ્ર નોર્થ-ઈસ્ટ વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે. આસામ તેમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે.

આસામના છેવાડાના વિસ્તારોમાં સારી હોસ્પિટલો એક સ્વપ્ન હતુ. સારી હોસ્પિટલો એટલે કલાકોની મુસાફરી અને અસંખ્ય મુશ્કેલીઓ હતી. જેને લઈને લોકો ચિંતા સતાવતી હતી કે કોઈ મેડિકલ ઈમરજન્સી ન આવી જાય. આ સમસ્યાઓ ઝડપથી સમાધાન તરફ આગળ વધી રહી છે. તમે આ તફાવત સરળતાથી જોઈ અને અનુભવ કરી શકો છો. આઝાદી પછીના ૭ દાયકામાં એટલે કે ૨૦૧૬ સુધી આસામમાં ફક્ત ૬ મેડિકલ કોલેજો હતી.

તે લોકો પૂર્વોત્તરથી એટલા દૂર હતા કે તેઓ તમારી સમસ્યાઓ કદી સમજી શક્યા જ નહીં. આજે કેન્દ્રએ આસામના વિકાસ માટે સંપૂર્ણ નિષ્ઠા સાથે કામ કરવામાં આવી રહ્યું છે. આસામ પણ દેશની સાથે ખભાથી ખભો મિલાવીને આગળ વધી રહ્યું છે. જે બદલાવો દેશ જોઇ રહ્યો છે તે આસામમાં પણ દેખાઈ રહ્યા છે. આસામમાં આયુષ્યમાન યોજનાનો લાભ ૧.૨૫ કરોડ ગરીબોને મળી રહ્યો છે.મોદીએ સંબોધન કરતાં કહ્યું હતું કે આસામની સમૃદ્ધિ અને પ્રગતિનું મુખ્ય કેન્દ્ર આસામના ચાના બગીચાઓ છે. બજેટમાં પણ ચાના બગીચામાં કામ કરતા ભાઈ-બહેનો માટે એક હજાર કરોડ રૂપિયા માટેની એક વિશેષ યોજના જાહેર કરવામાં આવી છે. દેશને બદનામ કરવા કાવતરાકારો કરનારા લોકો આ સ્તરે પહોંચ્યા છે કે ભારતની ચા ને પણ છોડી રહ્યા નથી. કાવતરાં કરનારાઓ કહી રહ્યા છે કે ભારતની ચાની છબીને બદનામ કરવામાં આવી રહી છે. શું તમને આ હુમલાઓ મંજૂર છે? શું તમને આ હુમલા પછી ચૂપ રહેનાર લોકો તમને મંજૂર છે? જેઓ મૌન બેઠા છે, તે બધા રાજકીય પક્ષો પાસે આસામનો દરેક વ્યક્તિ, દરેક ચા પીનાર હિન્દુસ્તાની જવાબ માંગશે.

### ખેડૂત આંદોલન ટ્વિટ સંગ્રામ:રાજ ઠાકરેના સરકાર પર પ્રહાર કર્યા

## સરકારે ખેડૂત આંદોલન મુદ્દે લતા મંગેશકર-સચિનને અભિયાનમાં ઘસેડવા ન જોઇએ

મુંબઇ,તા.૭

ખેડૂત આંદોલનના મુદ્દા અંગે ઘણી વિદેશ હસ્તિઓએ ટ્વિટ કર્યા, જેના અંગે દેશનું રાજકારણ પણ ગરમાયું છે. હવે મહારાષ્ટ્ર નવનિર્માણ નેતા રાજ ઠાકરેએ પણ આ મુદ્દા અંગે નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, સચિન અને લતા મંગેશકર જેવા ભારત રત્ન પ્રાપ્ત લોકોનો ઉપયોગ કરવો ખોટું હતું. આ બન્નેએ સમર્થનમાં ટ્વીટ નહોતું કરવાનું.

સરકારે ભારત રત્નથી સન્માનિત થયેલી આવી હસ્તિઓ પાસેથી સમર્થન મેળવીને તેમની પ્રતિષ્ઠાને દાવ પર ન લગાવવી જોઈએ.તેમના માટે અક્ષય કુમાર જેવી હસ્તિ તેમના આવા કાર્ય માટે પૂરતી છે.સરકારે આવા કામ માટે અક્ષય કુમાર જેવા વ્યક્તિનો સહારો લેવો જોઈએ.

સચિને ટ્વિટ કરી કહ્યું કે, આપણો દેશ તેની સમસ્યાઓનું સમાધાન કરવાનું જાણે છે અને બહારના લોકોને દેશના આંતરિક મામલામાં રસ લેવાની જરૂર નથી. સિચનનના આ ટ્વિટથી કેરળના ખેડૂત નારાજ થઈ ગયા છે. તેમણે લખ્યું કે, ભારતની સાર્વભૌમત્વ સાથે ચેડા ન કરી શકાય. વિદેશી દળો પ્રેક્ષક હોઈ શકે છે, પણ સહભાગી નહીં. ભારતને ભારતીયો જ ઓળખે છે અને તેઓ જ નિર્ણય કરશે. એક દેશ તરીકે એકજૂથ થવાની જરૂર છે.

પહેલા પણ ઠાકરેએ કહ્યું હતું કે, ક્રિકેટ સ્ટાર સચિન અને ગાયક કલાકાર લતા મંગેશકરે સોશિયલ મીડિયા પર ટ્રોલ થઈ રહ્યાં છે. આ અભિયાનમાં સરકારે લતા મંગેશકર અને સચિન તેડુલકરને ઘસેડવાના નહોતા.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૨૪૪

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૩૪૪૪

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૩૫૫

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૬૭૭૦

## સરકારે ખેડૂતોને આપી રાહત: એમએસપી પર ખરીદ્યું ૧૮% વધુ ધાન

ન્યુ દિલ્હી,તા.૭

ત્રણ નવા કૃષિ સુધાર કાયદાઓની વિરુદ્ધ દિલ્હીની સરહદો પર ખેડૂતોના ચાલી રહેલા વિરોધ પ્રદર્શનની વચ્ચે ખરીફ માર્કેટિંગ સીઝનમાં અત્યાર સુધી ૧.૧૬ લાખ કરોડ રૂપિયાનું ટેકાના ભાવે ધાનની ખરીદી ૧૮ ટકા વધીને ૬૧૪.૨૫ લાખ ટન થઈ ચૂકી છે. એક સરકારી નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ચાલુ ખરીફ માર્કેટિંગ સીઝન ૨૦૨૦-૨૧માં સરકાર એમએસપીની હાલની યોજના અનુસાર ખેડૂતો પાસેથી ટેકાના ભાવ પર ખરીફ ૨૦૨૦-૨૧ પાકોની ખરીદી કરી રહી છે, જેવી રીતે ગયા સત્રોમાં કરવામાં આવી હતી.


નોંધનીય છે કે, ખરીફ માર્કેટિંગ સેશન ઓક્ટોબરથી શરૂ થાય છે. સરકારે પાંચ ફેબ્રુઆરી સુધી ૬૧૪.૨૭ લાખ ટન ધાનની ખરીદી કરી છે, જે ગયા વર્ષની આ અવધિમાં ૫૨૧.૯૩ લાખ ટનની ખરીદીથી ૧૭.૬૯ ટકા વધુ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ચાલુ ખરીફ માર્કેટિંગ સેશનમાં ૧,૧૫,૯૭૪.૩૬ કરોડ રૂપિયાના ટેકાના ભાવે ખરીદી અભિયાનથી લગભગ ૮૫.૬૭ લાખ ખેડૂતો પહેલા જ લાભ લઈ ચૂક્યા છે.

ધાનની અત્યાર સુધીની ૬૧૪.૨૭ લાખ ટનની કુલ ખરીદીમાંથી માત્ર પંજાબે ૨૦૨.૮૨ લાખ ટનનું યોગદાન આપ્યું છે, જે કુલ ખરીદીનો ૩૩.૦૧ ટકા હિસ્સો છે.

કેન્દ્ર રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ અને અન્ય કલ્યાણકારી યોજનાઓ હેઠળ પોતાની આવશ્યક્તાઓને પૂરી કરવા માટે ઘઉં તથા ચોખા જેવી ઉપજને ખરીદે છે. તે બજારની કિંમત ટેકાના ભાવથી નીચે આવતાં દાળ, અન્ય અનાજ અને કપાસ જેવા અન્ય પાકોની પણ ખરીદી કરે છે.

કોરોના સામે સાવધાની સાથે

## કચ્છમાં વ્રજવાણી પર થશે મોરારીબાપુ દ્વારા કથાગાન




પૂજ્ય બાપુની ૮૫૫ મી માનસ કથા ૧૩ ફેબ્રુઆરીથી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન રાપર-કચ્છનાં છેવાડાનાં 'વ્રજવાણી' સ્થાન પર આયોજિત થઇ છે. કોરોનાનો કહેર ઘટ્યો છે પણ નાબુદ નથી થયો. તેથી સરકારની ગાઈડલાઈન મુજબ નીતિ-નિયમોનાં પરિપાલન સાથે મર્યાદિત શ્રોતાઓ સમક્ષ કથા ગવાશે.

યાદવ કુળના વંશજ ગણાતા આહીર પરિવારોની આસ્થાનું આ સ્થાન છે, જ્યાં રાધાકૃષ્ણનું મંદિર છે. મંદિરની વિશેષતા એ છે કે અહીં ૧૪૦ સતીમાતાઓની મૂર્તિઓ ગોળાકારે ગોઠવાયેલી છે જેમણે અહીં પ્રાણની આહુતિ આપી છે.

કૃષ્ણભક્તિનાં પ્રતીક સમુ આ સ્થાન એક દ્રષ્ટિએ 'પ્રેમ-મંદિર' છે. અહીં ભગવાન શ્રીકૃષ્ણ અને રાધિકાજીની મૂર્તિ છે. જે વિશ્વમાં દેહભાવથી પર, આત્મપ્રેમ, 'સબંધ મુક્ત સબંધ' - (Relation without relationship)નું પ્રેરણાદાયી પ્રતીક છે.

કૃષ્ણ પ્રેમમાં ગળાડૂબ થઇ, વૃંદાવનની રાસલીલાને અહીં તાદ્રશ કરનાર આહિરાણીઓનાં કૃષ્ણપ્રેમનું અદ્બુત ઉદાહરણ છે. કેવી અનન્ય ભક્તિ હશે, કેવો તદ્રુપ ગોપીભાવ હશે કે જેથી

એમના દેહને કલાકો સુધી સતત કૃષ્ણ સાથે રાસ રમવાની શક્તિ પ્રાપ્ત થઇ! પણ અચાનક રાસનો તાલ તૂટ્યો અને કૃષ્ણ પ્રેમમાં તરબોળ માનુનીઓ, અગ્નિસ્નાનથી પોતાનું નારીત્વ જલાવી દઇ, સતીત્વ પ્રાપ્ત કર્યું! ઢોલીનો પોતાના વાજિંત્ર સાથે કેવો એકતાર સધાયો હશે કે મસ્તક કપાયા છતાં ઢોલ પર થાપ પડતી રહી! આખરે ગળામાં ઢોલ સાથે જ તેની ચેતનાએ દેહત્યાગ કર્યો!

આહીર સમાજની કૃષ્ણ ભક્તિએ આ અવાવરાં ખંડેરને સ્થાને 'પ્રેમ-મંદિર' સર્જવા પ્રેર્યા અને ઠાકરધણીની સાથે રાધારાણીની પ્રતિષ્ઠા કરી. જ્યાં પ્રતિવર્ષ હોમ-હવન, પાળિયા-પૂજન અને મહાપ્રસાદનું આયોજન થાય છે. સમસ્ત આહીર સમાજ એમાં ભક્તિ ભાવથી જોડાય છે. કેટલીક ભૂમિ પર બાપુની સવિશેષ કૃપા છે. એ પૈકીની એક કચ્છની ભૂમિ છે. બાપુની કુલ કથાક્રમની આ ૮૫૫મી કથા છે. કચ્છની ભૂમિ પરની તેમની આ ૨૮મી કથા છે. ભારતમાં મહુવા-તલગાજરડા પછીના ક્રમે સહુથી વધુ વખત કચ્છમાં કથાગાન થયું છે.

કથાનાં યજમાન શ્રી પ્રવીણભાઈ તન્ના તલગાજરડી વ્યાસપીઠનાં સમર્પિત- સુગંધિત સુમન છે, જે વિનમ્ર ભાવે વ્યાસપીઠની ઇચ્છાને આજ્ઞા સમજીને માથે ચડાવે છે. કોરોના કાળમાં પૂજ્ય બાપુએ વર્ચ્યુઅલ કથા કરેલી, એ પૈકીની તલગાજરડા - ત્રિભૂવન વટ નીચે થયેલી "માનસ ગુરુ- વંદના" માં તેમને અન્ય બે મિત્રો સાથે કથાનાં નિમિત્ત બનવાનું સદ્ભાગ્ય સાંપડ્યું.

ત્યારબાદ તુલસીશ્યામ ખાતે મર્યાદિત શ્રોતાઓ સમક્ષ આવીને વ્યાસપીઠ સૂક્ષ્મથી વ્યાપક બની. જુનાગઢના ગિરિશિખર પર કથાગાન થયું, ત્યારે પ્રવીણભાઈએ પુનઃ એકવાર પૂજ્ય બાપુ સમક્ષ નિમિત્ત બનવાનો મનોરથ વ્યકત કર્યો. બાપુએ પોતાના અંત:કરણની પ્રવૃત્તિથી પ્રેરાઈને અસ્તિત્વની ઇચ્છા મુજબ કચ્છની પ્રાચીન સાંસ્કૃતિક ધરોહર સમા વ્રજવાણી સ્થાને કથા કરવાનું નક્કી કર્યું. એ રીતે શ્રી પ્રવીણભાઈને આ કથાનાં નિમિત્ત બનવાનો ફરી મોકો મળ્યો. એમને માટે વ્યાસપીઠની સેવાનો આ તેરમો પ્રસંગ છે. ૧૩/૨/૨૦૨૧ શનિવારે સાંજે ૪ થી ૬ અને ૧૪/૨/૨૦૨૧ થી સવારના ૯ થી ૧ દરમિયાન આસ્થા ટીવી તેમજ યુ ટ્યૂબનાં માધ્યમથી શ્રોતાઓ શ્રવણ લાભ પ્રાપ્ત થશે.

કચ્છના રણ કાંઠાનું નાનકડું ગામડું હોવાથી ત્યાં કોઇ વિશેષ નિવાસ વ્યવસ્થા નથી. વળી, મર્યાદિત સંખ્યામાં જ શ્રોતાઓ માટે મંજુરી છે. તેથી સહુએ ઘેરબેઠાં શ્રવણ લાભ લેવો ઉચિત ગણાશે.

# માણાવદર બસ સ્ટેશન પાસેથી ભેંસની ચોરી કરનાર પકડાયો

માણાવદર બસ સ્ટેશન પાસેથી એક વાડા માંથી કોઇ અજાણ્યો ઇસમે ભેંસ એક કિ.રૂ.૭૫૦૦૦ ની ચોરી થયાની ફરીયાદ નોંધાઇ હતી માણાવદર પીએસઆઇ પી.વી.ધોકડીયા એ સુચના આપેલ હોય જે અનુસંધાને અત્રેના પોલીસ સ્ટેશન ના પો.કોન્સ્ટેબલ વિક્રમભાઇ મનસુખભાઇ તથા પો.કોન્સ્ટેબલ રવિન્દ્રભાઇ વાંક તથા પો.કોન્સ્ટેબલ વિપુલભાઈ ગોહિલ તથા પો.કોન્સ્ટેબલ રવિભાઇ ધુળા એ રીતના પોલીસ સ્ટાફના માણસો આ ગુના બાબતે આરોપી તથા ચોરીમાં ગયેલ ભેંસની તપાસમાં હતા અને શકદારો ને તપાસતા હતા દરમિયાન પો.કોન્સ.વિક્રમભાઇ પરમાર તથા પો.કોન્સ. રવિન્દ્રભાઇ વાંક ને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે આ ગુના માં ચોરી થયેલ ભેંસ સાથે માણાવદરમાં રહેતો જયદીપ મુકેશભાઇ ઉર્ફે મુળાભાઇ મકવાણા માણાવદર શહેરથી દુર ખારા વિસ્તારમાં ઉભેલ હોય અને ચોરીમાં ગયેલ ભેંસને કોઇક જગ્યાએ લઇ જવાની ફીરાકમાં હોય ત્યારે ઝડપી લીધો હતો

રીપૉર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

# મોટા ડોડીસરા ગામના વિદેશી દારૂના લિસ્ટેડ બુટલેગર ચુનીલાલને પેરોલ ફર્લો ટીમે રાયપુરથી ઝડપ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

હાલ સમગ્ર રાજયમાં પોલીસતંત્ર દ્વારા નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડવા ખાસ ઝુંબેશ હાથધરી છે જેમાં અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર સતત નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી રહી છે જીલ્લા પેરોલ ફર્લો ટીમે ભિલોડા પોલીસ સ્ટેશનના ૬ જેટલા પ્રોહીબીશનના ગુન્હાનો અને છેલ્લા ત્રણ વર્ષથી નાસતા-ફરતા લિસ્ટેડ બુટલેગરને રાયપુર ગામ નજીકથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી પેરોલ ફર્લો પીએસઆઈ કે.એસ.સીસોદીયા અને તેમની ટીમે જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા ભિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથધર્યું હતું ત્યારે મોટા ડોડીસરા ગામનો લિસ્ટેડ બુટલેગર ચુનીલાલ ચીમનભાઈ ઉર્ફે ચીમનલાલ નિનામા નામનો બુટલેગર રાયપુર બસસ્ટેન્ડ નજીકથી પસાર થવાનો હોવાની બાતમી મળતા પેરોલ ફર્લો ટીમ તાબડતોડ રાયપુર બસ સ્ટેન્ડ નજીક પહોંચી નામચીન બુટલેગર ચુનીલાલને કોર્ડન કરી દબોચી લેતા બુટલેગરના મોતીયા મરી ગયા હતા અરવલ્લી પેરોલ ફર્લો ટીમે ભિલોડા પોલીસ સ્ટેશનમાં જ ૬ ગુન્હા પ્રોહિબિશનના નોંધાયેલા હોવાનું અને અનેક પ્રોહીબીશનના ગુન્હાના આરોપી અને છેલ્લા ત્રણ વર્ષથી પોલીસને હાથતાળી આપી રહેલા બુટલેગરને ઝડપી ભિલોડા પોલીસને સુપ્રત કરતા ભિલોડા પોલીસે બુટલેગર ચુનીલાલ સામે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની છ ગદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.સંપર્ક સૂત્રો.......**

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ

---------------------------------------

ગદ્ય વિભાગ રચનાઓ

## NOG SS No : 0077

વિભાગ:ગદ્ય

શીર્ષક: નાહકની પ્રશંસા એ ટેવ કે કુટેવ..?

સમાજમાં ભાતભાતનાં લોકો વસેલા છે.જેમાં એમની આદતો,ટેવ અને કુટેવો ય ભિન્ન ભિન્ન હોય છે.આપણે ઘણી બધી જગ્યાએ જોયું છે કે ખોટી,સસ્તી અને હાથવગી પ્રસિધ્ધિ અને પ્રશંસા મેળવવા અવનવાં પેંતરા અજમાવતા હોય છે.

ક્યારેક ખોટે રસ્તે ચઢી પોતાના જ હાથે પોતાનો વિનાશ નોંતરે છે.

સામેવાળાને તો શું..?

એને તો મજા જ પડવાની ને..!

સરસ મજાનાં શબ્દોનું માખણ લગાડી ફટાક કરતું પોતાનું કામ કઢાવી અદ્રશ્ય થઈ જાય છે...!

આવા લોકો સમાજ માટે હાનિકારક પૂરવાર થતાં હોય છે.ધીમા ઝેર સમાન નીવડે છે.

પોતાની ઘોર તો ખોદે જ છે પણ સામેવાળાની પણ ઘોર ખોદી અને બાટલીમાં ઉતારી બૂચ મારી દેતાં હોય છે...!

સરવાળે તો બંનેની કારકિર્દીને નુકશાન જ વહોરવું પડે છે.

આવાં લોકો માટે સામેવાળાની, નાહકની પ્રશંસા કરી

પોતાનું કામ કઢાવી લેવું એ બહું સહજ અને આસાન કામ હોય છે. આવું વારંવાર કરવું એ પોતાનો સ્વભાવ બનાવી લીધો હોય છે. ટેવ પાડી લીધી હોય છે..!

આપણને તો કદાચ એ કુટેવ લાગે..ખરું ને?

આ વસ્તુને આપણે ટેવ ગણીએ કે કુટેવ એતો એમની કે આપણી સમજ પર આધારીત છે.

ફેંકી દેવા જેવી વાતો પર વાહવાહી કરવી. અને સામે વાળાનાં અહમને પંપાળીને પોતાની ખિચડી રાંધી લેતાં હોય છે..!

પ્રશંસાની ટેવ પડવાથી એ વ્યક્તિને જો પોતાનાં ચાલીસા સાંભળવા ના મળે તો રીતસરનાં ભૂરાયાં થઈ જાય છે,બાવરાં બની જાય છે.રોજબરોજમાં પોતાની સાથે જીહજૂરીયાંઓની એક ટોળી લઈને ફરતાં ઘણાય લોકોને આપણે જોઈએ જ છીએ.આવા ભાડુતી જીહજૂરીયાંઓ ચાપલૂસીનું એક કવચ ઉભું કરે છે એટલે આ છદ્માવેશનાં આવરણમાંથી સચ્ચાઈ જોઈ શકાતી નથી...!

આનું પરિણામ એવું ભયંકર આવે છે કે ખરેખર જે હોશિયાર અને સ્પષ્ટવક્તા હોય તે વ્યક્તિઓ હાંસિયામાં ધકેલાઈ જાય છે.કારણકે આવા લોકો ખોટી તારીફ થકી ફાલતું વાતોમાં કશીદા પઢવામાં માનતો જ નથી...!

પછી ભલેને નુકશાન વહોરવું પડે...!

પ્રશંસાના ભૂખ્યાં આવાં ઘણાય ક્ષેત્રો છે જેમાં રાજકારણ,ફિલ્મ, ટી વી,સંગીત,શિક્ષણ અને લેખન ક્ષેત્ર પણ બાકાત નથી.

આ ખોટી પ્રશંસાની ટેવ કે કુટેવને લીધે જે તે ક્ષેત્રની ગુણવત્તા જળવાતી નથી. મિત્રો, પ્રશંસા અને ચાપલૂસીની બારીક અને પાતળી ભેદરેખા છે એને આપણે સમજી નથી શકતાં અને પ્રશંસાનો અતિરેક પછીથી ચાપલૂસીમાં પરિવર્તિત થાય છે.

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ

---------------------------------------

## NOG SS No : 0022

વિષય : પ્રાણ અને પ્રકૃતિ

વિભાગ : ગદ્ય

પ્રકાર : વાર્તા

શીર્ષક : માતાની ચોકી

નાનપણથી જ દેવીપૂજક એવા દેવિદાસે પંચાણુંના ઉંબરે પગ મૂક્યો અને તેમની તબિયત લથડવાં લાગી. દેવિદાસ નાનપણથી જ આસ્તિક અને મહાકાળી માતામાં શ્રદ્ધા ધરાવતા. આ સંસ્કાર તેમને માતા તરફથી મળ્યા હતા.

નેવુંની ઉંમર પછી તેમને અલ્ઝાઇમરની બીમારી લાગુ પડી હતી. તે વારેઘડીએ ભૂલી જતાં કે તે ક્યાં છે અને સામે કોણ છે. તેમને ભ્રમ થતો કે તે કોઈ મંદિરમાં છે. કોઈકવાર થોડો સમય પૌત્રો સાથે રમતાં પછી અચાનક પૂછવા લાગતા,"તું કોનો દીકરો છે?"

પૌત્ર તેમને યાદ દેવરાવતો કે હું તમારા દીકરાનો દીકરો છું ત્યારે કહેતાં,"મને તો ફક્ત બે દીકરીઓ છે."

એકદમ સાત્વિક જીવન જીવનાર દેવિદાસને બે દીકરા અને ત્રણ દીકરીઓ હતી. ખેતીવાડી કરીને દીકરાઓને અને દીકરીઓને ભણાવ્યાં અને દીકરાઓ શહેર જઈને વસ્યા. જ્યારે દેવિદાસ અને તેની પત્ની વિજયાની ઉંમર થઈ એટલે દીકરાઓ ફરજ સમજીને શહેરમાં લઈ ગયા.

એક સમય આવ્યો જ્યારે વિજયા દેવિદાસને છોડીને સ્વધામ જતી રહી. દેવિદાસ એકલા પડી ગયા અને પોતાનું સમગ્ર ધ્યાન માતાની સેવામાં પરોવ્યું. રોજ ઊઠીને માતાની પૂજાસેવા અને નિયમિત ઉપવાસ. નેવું પછી તેમનું હરવું ફરવું બંધ થઈ ગયું. તે ભાગ્યેજ ખાટલામાંથી ઊભા થતાં તેથી દીકરાએ મહાકાળી માતાનો ફોટો તેમના શયનખંડમાં મુકાવ્યો જેથી હર સમય તેમને માતાનાં દર્શન થતાં રહે.

પંચાણું પછી તો તે ઝાડા કે પેશાબ માટે પણ ઉઠી શકતાં ન હતાં. દીકરો અને વહુ મન દઈને તેમની સેવા કરતાં. તે વિવિધ બીમારીથી પણ પીડાતા હતા પણ ન જાણે કેમ મૃત્યુ તેમનાથી દૂર હતું. ન જાણે તેમના પ્રાણ કેમ અટવાયા હતા?

એક દિવસ દેવિદાસના દીકરાનો મિત્ર શરદ દેવિદાસના ખબરઅંતર પૂછવા આવ્યો. તેણે મિત્રને સલાહ આપી,"તું બાપાના રુમમાંથી માતાનો ફોટો દૂર કર."

દેવિદાસના શયનખંડમાંથી માતાનો ફોટો દૂર કર્યો અને બીજે જ દિવસે દેવિદાસે દેહ છોડ્યો.

સ્મશાનયાત્રામાં આવનાર શરદે કહ્યુ,"તારા પિતાજીના પ્રાણની રક્ષા માતાજી કરી રહ્યાં હતાં. જ્યાં માતાની ચોકી હોય, ત્યાં યમરાજ ન આવી શકે તેથી જ મેં માતાજીનો ફોટો દૂર કરવાનું કહ્યું હતું."

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---------------------------------------

## NOG SS NO. 055

વિભાગ : ગદ્ય

પ્રકાર : ચિંતન કણિકા

શબ્દ : પ્રકૃતિ

કહેવાય છે કે " પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય..." આ પ્રકૃતિ એ એક પ્રકારે મનુષ્યની જ પ્રતિકૃતિ છે એમ કહીએ તો અતિશયોક્તિ નથી,માનવ ગમે એટલો આસમાનને આંબી લે કે પૃથ્વીનાં ગર્ભમાં શું છે તે જાણી લે, પરંતુ તેની પ્રકૃતિ એટલે કે તેનો સ્વભાવ જ તેની ગુણવત્તા નક્કી કરે, માનવજાત આમ થોડી અળવીતરાં કરે એવી પણ ખરી... પરંતુ આ જ માનવ દેહના ભોગે માનવતાની રક્ષા પણ કરે અને પ્રપંચતા નો પ્રતિકાર પણ કરે...માનવની પ્રકૃતિ માનવને ગણ્યા ગણાય નહી અને વીણ્યાં વીણાય નહી એવા પરાક્રમ કરવા પ્રેરે તો એ જ માનવ પ્રકૃતિનાં તાંડવ સામે લાચાર અને બેબાકળો થઈ બેસી રહે... આ મહામારી શું છે? માનવની સ્વાર્થી પ્રકૃતિ સામે કુદરતની પ્રકૃતિનો જડબાતોડ જવાબ...

પ્રકૃતિને સ્વીકારીએ સાંભળીયે અને સુધારીએ .... ભલે તે માનવની હોય કે કુદરતી.......

શ્રદ્ધા ભટ્ટ,વાપી

---------------------------------------

## NOG SS No-0042

વિભાગ-ગદ્ય

પ્રકાર-લેખ

શીર્ષક-પ્રશંસા એક કળા

"ખુશામત ખુદા કો ભી પ્યારી હોતી હૈ." જોજો અહીં આપણે ખુશામતની વાત નથી કરવી.પ્રશંસાની વાત કરવી છે. પ્રશંસા અને ખુશામત વચ્ચે એક પાતળી ભેદરેખા છે,જેને ઓળખવી ખૂબ જરૂરી છે.

આજના યુગમાં બાળકથી માંડીને મોટા મોટા અમલદારોને પણ પ્રશંસા પ્રિય છે,પણ પ્રશંસા કરવા માટે અહમને કોરાણે મુકવો પડે છે. સાચા હદયથી અને યોગ્ય સમયે કરેલી પ્રશંસાથી વ્યક્તિને ઘણીવાર પ્રોત્સાહન મળે છે અને પ્રગતિના શિખરો સર કરી શકે છે.

જે કાર્ય ધાક,ધમકી કે ડરથી નથી થતાં એ પ્રશંસાના પુષ્પો વેરવાથી થઈ જાય છે. આમ પ્રશંસા એક એવું હથિયાર છે, જેનાથી ધાર્યા કાર્યો પાર પડી શકે છે. આમ જોઈએ તો પ્રશંસા એક કળા છે. પ્રશંસાનો અતિરેક પણ નકામો છે,જો સતત પ્રશંસા સાંભળવાની ટેવ પડી જાય તો માણસની પ્રગતિ અટકી જાય છે,અને પોતાના દોષ દેખાતા નથી તેથી સુધરવાની કે આગળ વધવાની તક પણ ગુમાવી બેસે છે.

ખરેખર પ્રશંસાનો સમજણપૂર્વકનો ઉપયોગ કરતા દરેક માનવીએ શીખવો જોઈએ જેથી જીવનમાં ઘણી સરળતા રહે.

હોમવર્ક પૂર્ણ થયે બાળકોને વેરીગુડની,રસોઈ પૂર્ણ થયે સ્ત્રીઓને સ્વાદના વખાણની,પ્રોજેક્ટ પૂર્ણ થયે કર્મચારીઓને સારા પગારની,પરિણામ આવ્યે વિદ્યાર્થીઓને શાબાશીની આમ દરેક કાર્ય વખતે પ્રશંસાની અપેક્ષા દરેક વ્યક્તિને હોય તો,થઈ જાય? બે બોલ પ્રશંસાના?

પૂજા(અલકા)કાનાણી,મીઠાપુર.

---------------------------------------

## NOG SS No :- 0093

સદગુરુ કૃપા હી કેવલમ.

વિષય પ્રશંસા.

શીર્ષક- પ્રકૃતિ શુષ્ક કેમ થઈ?

પ્રકૃતિ અરીસામાં પોતાની જાતને નિહાળી રહી હતી, આમ તો મુગ્ધ થઈ જવાય એવું તેનું રૂપ હતું, અને હજી પણ કોઈ કહી ન શકે, કે તે ચાલીસની છે. યોગ અને વ્યાયામ દ્વારા શરીરને ટટાર રાખ્યું હતું, તેમજ સંગીત અને નૃત્યની ઉપાસના પણ ખરી, આરંગેત્રમ કર્યું હોવાથી સ્ટેજ શોમાં તેનાથી નાની ઉંમરની યુવતીઓ થાકી જાય,પણ પ્રકૃતિ જરાય થાકે નહીં. કથકનાં સળંગ બે કે ત્રણ નૃત્ય કરી જાણે,આજે પણ તે એક પ્રોગ્રામ કરીને જ આવી હતી, અને ધીરે ધીરે ઘરેણાં ઉતારતી વખતે તે એ જ વિચારી રહી હતી, કે આમ જુઓ તો તેમણે જે પ્રશંસા કરી તે સાચી છે. પરંતુ એટલું એ કંઈ ખાસ મારામાં છે નહીં! નહીં તો હજી પણ હું થોડી કુંવારી હોઉ!! સમાજમાં તેણે પોતાની એક કડક ઈમેજ ઉભી કરી હતી, એટલે આલીયા માલીયા કોઈ તેને બોલાવી શકે નહીં. તેમજ સ્ટેજ શો કરતી વખતે પણ તેને જેનું અભિવાદન સ્વીકારવું હોય, તેનું જ તે સ્વીકારે. એટલે અમુક રીતે જોઈએ, તો ક્યારેક પણ તોછડી કહી શકાય એવું સામેની વ્યક્તિને લાગે, પણ શું દુનિયામાં કોઈ એવો મર્દ નહીં હોય! જે ઈશ્વરે ફક્ત મારી માટે જ બનાવ્યો હોય! એવું પ્રકૃતિને કાયમ થતું. વિચાર યાત્રા હજી પણ આગળ ચાલત, પણ ત્યાં જ ડોરબેલ વાગવાનો અવાજ આવ્યો, અને તેણે ઝડપથી કપડાં વ્યવસ્થિત કર્યાને ડોર ખોલવા બહાર આવી. બારણું ખુલતા જ સામે એ જ પ્રશંસક ઉભા હતાં, જેમની પ્રશંસા વિષે તે વિચારતી હતી. હાથમાં ફૂલોનો ગુલદસ્તો અને એક મોટી કેટબરી સાથે મરક મરક હસતાં તે ઉભા હતાં. પ્રકૃતિએ પણ મુખ પર સ્મિત સજાવી તેનું અભિવાદન કર્યું, અને અંદર આવવા કહ્યું. તેઓ પોતાનું જ ઘર હોય, એ રીતે સહજતાથી સોફા પર બેસી ગયા, અને તેમણે પોતાનું નામ જણાવતા કહ્યું કે,હહું પ્રિયાંક પંડ્યા છું,અને એક સફળ બીઝનેસ મેન છું. અહીં અમદાવાદમાં જ સેટેલાઈટ રોડ પર મારો બંગલો છે, અને સ્વભાવે ધુની,અને કુંવારો હોવાથી એકલો જ રહું છું.આમ તો મારી ઉંમર હું કોઈ ને કહેતો નથી, પરંતુ બેતાલીસ વર્ષ છે.હ્ર પોતાનો પરિચય આપવાની અદા પર પ્રકૃતિ ખડખડાટ હસી પડી. પ્રકૃતિને હસતી જોઈ તેનામાં હિંમત આવી, અને ઉભા થઇ તેણે તેનો હાથ પકડી ચૂમી લીધો, અને પછી લગ્ન માટે પ્રપોઝ કર્યું,અને પ્રિયાંક ને પ્રકૃતિ....

આજે તો એ વાતને પણ દસ વર્ષ થઈ ગયા અને પ્રિયાંક પ્રકૃતિનાં લગ્નને પણ દસ વર્ષ થયા. શિકાગો શહેરની હોટલનાં રૂમની બાલ્કનીમાં ઉભી, ઉભી પ્રકૃતિ, બાહ્ય પ્રકૃતિ નું નિરીક્ષણ કરી રહી હતી. ત્યાં અત્યારે પાનખર જેવી ઋતુ ચાલતી હોવાથી, બાહ્ય પ્રકૃતિ શુષ્ક વર્તાઈ રહી હતી. બિલકુલ તેની અંદર પણ આવાજ ભાવ હતાં, કારણ કે પ્રિયાંક ખરેખર એક સફળ બિઝનેસમેન જ હતો, અને એ માટે થઈને જ, એણે પ્રકૃતિની પ્રશંસા કરી, તેને અભિભૂત કરી હતી. લગ્ન પછી દેશ-વિદેશમાં તેના સ્ટેજ શો ગોઠવી, અને તે ધૂમ રૂપિયા કમાયો હતો. ન કોઈ બાળક, કે ન કોઈ પરિવાર, પ્રકૃતિ અત્યારે દેખાતી બાહ્ય પ્રકૃતિની જેમ શુષ્ક થઇ ગઇ હતી,ન કોઈ આશા ન નિરાશા, બસ યંત્રવત્ એક સ્થળેથી બીજા સ્થળે સ્થળાંતર કરતી હતી.હવા પાણી ખોરાક બધું જ એક યંત્ર જેમ ગ્રહણ કરતી,ન મરજી ન વિરોધ. પરંતુ આ બધું પ્રિયાંક ને દેખાતું નહોતું.આજે તો હદ થઈ ગઈ, એક નાનું બાળક રમતું રમતું એની નજીક આવ્યું,ને તેણે તેને ઉંચકી લીધું, અને તેની અંદરની સ્ત્રી એ જાણે, માતૃત્વ માટે જેહાદ પર ઉતરી હોય, તેમ સ્ટેજ શો કરવાનો ઈન્કાર કરી દીધો, અને પ્રિયાંકના શબ્દ તેને તીર જેમ ચૂભતા હતાં.લોકો એ થોડીક પ્રશંસા શું કરી! મેડમના તો નાચ નખરાં વધી ગયાં,આજે છોડી દઉં છું, આવતી વખતે દયા નહીં દાખવું સમજી,એમ કરીને જોરથી ડોર પછાડી ચાલ્યો ગયો. પ્રકૃતિ વિચારતી હતી કે શું આ એ જ પ્રિયાંક છે જે તેની પ્રશંસા કરતા થાકતો ન હતો?

ફાલ્ગુની વસાવડા, ભાવનગર

---------------------------------------

## NOG SS No : 0082

વિષયઃ ટેવ , ગદ્ય

શીર્ષકઃ સારી ટેવ અને તેનું જીવનમાં મહત્વ

જીવનનાં આધાર સ્તંભ એવુ જો આપણે સમજીએ તો, સારી ટેવ, સમય શિસ્ત બધ્ધતા, કુનેહ, વ્યવહારુતા, પ્રમાણિકતા,આ બધું આપણા આચરણ, ટેવ પર મુખ્ય પ્રકાશ પાડે છે,જીવનનો પેરેગ્રાફ જો ઊંચાઈ લઈ જવો હોય તો ટેવ, આચરણ, નિયમિતતા આ બધું ખુબજ મહત્વનો ભાગ ભજવે છે, જે પણ સમગ્ર વિશ્વમાં જેટલા પણ વ્યક્તિઓ માન અને સન્માન, પ્રસિદ્ધિ પામ્યા

તે સર્વે ઉપર મુજબનાં દરેક શબ્દોને જીવનમાં ઉતાર્યા હતા,વ્યસન પણ એક સારી ટેવનું હોવું જોઈએ,

પ્રતિભાવંત વ્યકિત બનવા માટે સારા ચહેરા ની ખૂબ જરૂર નથી, સારું વ્યક્તિત્વ પાયાના સખત નિયમ અને આચરણથી નિખાર પામે છે, સિદ્ધાંત અને નિયમ મુજબનું જીવન એ પણ એક સારી ટેવનું પ્રતિબિંબ જ છે,

દાતઃ વહેલા ઉઠી જવાની ટેવ તમારા જીવનમાં ઘણી બધી સમસ્યાઓનું નિવારણ કરે છે,

સારી ટેવ એ સંસ્કારનું સિંચન કરે છે,

સારી ટેવ તમારા જીવનની ઘણી બધી સમસ્યાઓ ને હલ કરે છે,

આખા વિશ્વ પર અંગ્રેજોએ રાજ કર્યું તેમાં તેમની ડિસિપ્લીન(શિસ્ત) સમય બદ્ધતા, ધગશ, અને પ્રમાણિકતા, એ ખુબજ ભાગ ભજવ્યો,

એક બીજાને આદર સન્માનથી જોવાની સારી ટેવથી તમે તમારા જીવનમાં આવી પડતી

મહત્તમ તકલીફોને સરળતાથી દૂર કરી શકો છો.

ડો.અનિરુધ્ધ વ્યાસ.નડિયાદ

# બુટલેગરોમાં સીલ્કરૂટ તરીકે જાણીતી રાજસ્થાનને અડીને આવેલ રતનપુર ચેકપોસ્ટ પર પોલીસનું સઘન ચેકીંગ

અરવલ્લી બ્યુરો મોડાસા

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ બુટલેગરોના સીલ્કરૂટ તરીકે જાણીતો છે વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ રતનપુર ચેકપોસ્ટ પરથી વિવિધ વાહનો મારફતે રાજયમાં ઠલવાઈ રહ્યો છે

જીલ્લા એસપી સંજય ખરાતના આગમન પછી દારૂબંધીની અમલવારી માટે શખ્ત કાર્યવાહી કરવામાં આવતા રતનપુર ચેકપોસ્ટ પરથી વિદેશી દારૂની ઘૂસણખોરી પર જીલ્લા પોલીસતંત્ર મહદંશે સફળ રહ્યું છે ચૂંટણીઓ જાહેર થતાની સાથે દારૂની રેલમછેલ મોટા પ્રમાણમાં થતી હોય છે ત્યારે જીલ્લા પોલીસવડા સંજય ખરાતે વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા બુટલેગરોમાં સીલ્કરૂટ તરીકે જાણીતા અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી નજીક રાજસ્થાન રાજયના પ્રવેશદ્વારે આવેલ રતનપુર ચેકપોસ્ટ પર પોલીસે રાઉન્ડ ધી ક્લોક રાજસ્થાનમાંથી પ્રવેશતા નાના-મોટા વાહનોનું સઘન ચેકીંગ હાથધરવાની સાથે સમગ્ર હાઈવે પર પેટ્રોલીંગ શરૂ કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે બુટલેગરોએ હવે મહીસાગર જીલ્લાની સરહદો પરથી વિદેશી દારૂના વાહનોની લાઈન ચાલુ કરી હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ઉમેદવારો મતદારોને રીઝવવા નાણાંની કોથળી ખુલ્લી મુકવાની સાથે વિદેશી દારૂની રેલમછેલ કરતા હોવાનું જગજાહેર છે રાજયમાં દારૂબંધી હોવાથી વિદેશી દારૂનો ગેરકાયદેસર વેપલો કરી સ્થાનીક અને પરપ્રાંતીય બુટલેગરો ખીસ્સા ભરી રહ્યા છે

ત્યારે સ્થાનીક ચૂંટણીમાં વિદેશી દારૂની ડિમાન્ડને પહોંચી વાળવા બુટલેગરો મોટા પ્રમાણમાં સક્રીય થયા છે ત્યારે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રએ રતનપુર ચેકપોસ્ટ સહીત તમામ આંતરરાજય સરહદો પર મોટા પ્રમાણમાં પોલીસ તૈનાત કરી વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા બુટલેગરો ન છૂટકે વિદેશી દારૂ ઘુસાડવા મહીસાગર જીલ્લાનો સહારો લીધો હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે

સામ-સામે ફરિયાદ દાખલ

# મોડાસા : સત્યમ કોમ્પ્લેક્ષ નજીક બીલ્ડર અને જમીન દલાલો વચ્ચે દંગલ થતા એસપી કચેરીએ ટોળેટોળા ઉમટ્યા



અરવલ્લી બ્યુરો મોડાસા સમાચાર

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત આજુબાજુના વિસ્તારોમાં આવેલી જમીનોના ભાવ ઉંચકતાની સાથે સાથે જમીનો પર ગેરકાયદેસર કબ્જો કરવાની કે પછી જમીનનો સોદો કર્યા પછી બારોબાર અન્ય લોકોને વેચાણ કરી દેવાની ઘટનાઓ સમયાંતરે બનતી રહી છે ત્યારે મોડાસા બ્લોક ફેક્ટરી નજીક એક સત્યમ કોમ્પ્લેક્ષ નજીક બીલ્ડર અને જમીન દલાલ તેમના મળતીયાઓ વચ્ચે મારામારી થતા ભારે દંગલ મચ્યું હતું સમગ્ર મામલો એસપી કચેરીએ પહોંચ્યો હતો એસપી કચેરીએ લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા વોલ્વા ગામ નજીક મારામારીની ઘટનાના પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચી મામલો થાળે પાડ્યો હતો જેમાં જમીન દલાલ અને બિલ્ડરે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં સામસામે ફરિયાદ નોંધાઈ હતી જમીન દલાલ યુવકે બિલ્ડર સામે એટ્રોસીટી એક્ટ હેઠળ ગુન્હો નોંધાવતા એટ્રોસિટીના ગુન્હાની તપાસ એસસી-એસટી સેલના ડીવાયએસપી વિશાલ રબારીએ કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી શનિવારે સાંજના સુમારે મોડાસા નજીક આવેલ વોલ્વા ગામની સીમમાં સત્યમ કોમ્પ્લેક્ષ નજીક ફોર્ડ ફિગો કારમાં આવેલા ચાર શખ્સો અને જમીન દલાલ યુવક અને તેની સાથે રહેલા લોકો વચ્ચે મારામારી થતા ભારે દેકારો મચી ગયો હતો બ્લોક ફેક્ટરી નજીક એક બાંધકામ સાઈટ પર રહેણાંક પ્લોટ,જમીન લેવેચ કરતા બિપીનભાઈ સવજીભાઈ મનાત દોઢ વર્ષ અગાઉ ડીસાના મહેશ શંકર ભાઈ રબારીની રહેણાંક મકાનની સ્કીમ પર લે વેચની કામગીરી કરતા હતા મહેશ શંકરભાઈ રબારીએ દલાલીના હિસાબના પૈસા ન આપતા નોકરી છોડી દીધી હતી અને બ્લોક ફેક્ટરી નજીક રહેણાંક સ્કીમ અને દુકાનોની લે વેચ ચાલુ કરી હતી ત્યારે તેમની સાથે રહેતા સવજીભાઈ તરારને ફોન કરી મહેશ શંકરભાઈ રબારી,પ્રફુલ રબારી,રાહુલ રબારી અને શૈલેષ ચાવડા નામના શકશો ફોર્ડ ફિગો કારમાં પહોંચી બિપીન મનાત અને તેની સાથે રહેલા લોકો પર લાકડીઓ વડે તૂટી પડયા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી જાતિ પ્રત્યે અપમાનિત કરતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા જેમાં પ્રફુલ રબારી નામનો શખ્સ ઝડપાઇ ગયો હતો મહેશ રબારી અને તેમની સાથે રહેલા બે શખ્શ કાર લઇ રફુચક્કર થઇ ગયા હતા જે અંગે બિપીનભાઈ સવજીભાઈ મનાતે ૧)મહેશ શંકરભાઈ રબારી,૨)પ્રફુલ રબારી,૩)રાહુલ રબારી અને ૪) શૈલેષ ચાવડા સામે જાનથી મારી નાખવાની ધમકી અને એટ્રોસીટી એક્ટ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ચારે શખ્સો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

મહેશભાઈ શંકરભાઈ રબારીની રહેણાંક મકાનની સ્કીમમાં બિપીન સવજીભાઈ મનાત અને રાજુભાઈ નરસિંહભાઈ તરાર મકાન લે વેચનું કામકાજ કરતા હતા થોડા સમય અગાઉ છુટા થઇ ગયા હતા તેમની સાથે પૈસાની લેવડ-દેવડ બાકી હોવાથી બિપીન મનાતે ફોન કરી સત્યમ રેસીડેન્સી આગળ બોલાવતા તેઓ કારમાં પ્રફુલ રબારી,રાહુલ રબારી અને શૈલેષ ચાવડા સાથે પહોંચ્યા હતા ત્યાં બિપીન મનાત અને રાજુભાઈએ ઝગડો કરી મારમારી કરતા તેમની મદદમાં જગાભાઈ પટેલ દોડી આવી અન્ય ૧૦ જેટલા લોકોનું ટોળું પણ દોડી આવ્યું હતું તૂટેલ ટાઇલ્સ અને લાકડીઓ લઇ તૂટી પડતા જીવ બચાવી કાર લઇ નીકળી ગયા હતા મારામારીનો ભોગ બનેલ મહેશભાઈ શંકરભાઈ રબારીએ ૧)બિપીન સવજીભાઈ મનાત,૨)રાજુભાઈ નરસીહ ભાઈ તરાર, તેમજ ૩)જગા ભાઈ પટેલ અને ૧૦ જેટલા લોકોના તોલા સામે જાનથી મારી નાખવાની ફરિયાદ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ખેડૂતોએ આપેલ ચક્કાજામમાં ઉત્તર ગુજરાતના ખેડૂતો દૂર રહ્યા

# મોડાસા ટાઉન પોલીસે ૧ યુવતી સહીત ત્રણ ખેડૂત નેતાની અટકાયત કરી



અરવલ્લી બ્યુરો મોડાસા

કૃષી કાયદાઓના વિરોધમાં દેખાવો કરી રહેલા ખેડૂતોએ શનિવારે રાષ્ટ્રવ્યાપી ચક્કાજામની જાહેરાત કરવામાં આવી હતી જેમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો પર બપોરે ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી વાહનોને ચલાવવા નહીં દેવામાં આપેલ એલાનમાં ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી જીલ્લાના ખેડૂતો દૂર રહ્યા હતા બીજીબાજુ મોડાસા ટાઉન પોલીસે ખેડૂત અગ્રણી ડાહ્યાભાઈ જાદવ,બાબુ ભાઈ અને એસએફઆઈની વિદ્યાર્થી નેતા માનસીની અટકયાત કરી પોલીસ સ્ટેશનમાં નજરકેદ કરાયા હતા ચક્કાજામનો સમય પૂર્ણ થતા ત્રણેને છોડી મુકવામાં આવ્યા હતા અરવલ્લી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર જડબેસલાક બંદોબસ્ત ગોઠવી દીધો હતો ખેડૂત આંદોલનમાં અપાયેલ ચક્કાજામના પગલે ઉત્તર ગુજરાત સહીત અરવલ્લી જિલ્લામાં પોલીસ સતર્ક બની હતી અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના ખેડૂત અગ્રણીઓની પોલીસે અટકાયત કરી લેતા અને ખેડૂતો પણ ચક્કાજામ કાર્યક્રમથી અળગા રહેતા રોડ પર વાહનવ્યવહાર પર કોઈ અસર થઈ ન હોતી મોડાસા ટાઉન પોલીસે અટકયાત કરેલ ખેડૂત અગ્રણી ડાહ્યાભાઈ જાદવે પોલીસતંત્રએ અટકાયત કરી લેતા પોલીસ સરકારના ઈશારે કામ કરી રહી હોવાનો અને ભાજપ સરકાર પોલીસનો ભરપૂર ઉપયોગ કરી લોકશાહીનું હનન કરી રહી હોવાનું આક્રોશ સાથે જણાવ્યું હતું

દીપડાના આતંક સામે પશુપાલક મહિલા લાચાર

# ભિલોડાના બાવળીયા ગામે દીપડાએ ૯ બકરાનું મારણ કરતા ચકચાર, મહિલા પર આભ તૂટી પડ્યું

અરવલ્લી બ્યુરો મોડાસા સમાચાર

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં વસવાટ કરતા દીપડા હવે માનવ વસવાટ તરફ વળતા ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ફફડાટ જોવા મળી રહ્યો છે ખૂંખાર દીપડાની પ્રજાતિ ભિલોડા-શામળાજી,મેઘરજ વિસ્તારમાં ખેતરોના સીમાડા વટાવી ગ્રામ્ય વિસ્તારોમાં આંટા-ફેરા મારવાની સાથે પશુઓનું મારણ કરતા પશુપાલકો અને લોકોમાં ભારે દહેશત જોવા મળી રહી છે સ્થાનિકો દીપડાને પાંજરે પુરવા વનવિભાગ તંત્રને અનેકવાર રજુઆત કરવા છતાં પાંજરે પુરવામાં મુનાસીબ નહિ માનતા ભિલોડા તાલુકાના અંતિરીયાળ વિસ્તારોમાં દીપડાનો હુમલો યથાવત જોવા મળી રહ્યો છે.ભિલોડા તાલુકાના બાવળીયા ગામે દીપડો ત્રાટકી પશુપાલક મહિલાના વરંડામાં બાંધેલ ૯ બકારાઓનું મારણ કરતાં મહિલા પર આભ તૂટી પડ્યું હતું વનવિભાગ કુંભકર્ણની નિંદ્રામાં હોય તેવું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે

અરવલ્લી જિલ્લામાં ફરી દીપડાનો આતંક સામે આવ્યો છે. ભિલોડા તાલુકાના બાવળીયા ગામે ૯ બકરાંના મારણ કર્યું હતું .બાવળીયા ગામમાં રહેતા આશાબેન વાલજીભાઈ ડામોરના વાડામાં શનિવારની રાત્રે દીપડો ૬ ફૂટથી વધુ ઉંચી દીવાલ કૂદી અંદર ઘૂસ્યો હતો અને ૯ બકરાનું મારણ કર્યુ હતું. પશુપાલક મહિલા વહેલી સવારે ઉઠી વાડામાં જોતા બકરાનું મારણ થયેલું અને બકરા મૃત હાલતમાં જોવા મળતા મહિલા પશુપાલકે બુમાબુમ કરતા આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા દીપડાએ બાવળીયા ગામે ૯ બકરાનું મારણ કરતા પશુપાલક મહિલા આઘાતમાં સરી પડ્યા હતા નાના એવા બાવળીયા ગામમાં દીપડાના આતંકથી ખડૂતોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે સમગ્ર ઘટના અંગે વનવિભાગને જાણ કરવામાં આવી હતી હાલ તો સમગ્ર પંથકના લોકો દીપડાના આતંક સામે થરથર ધ્રુજી રહ્યા છે

બાવળીયા ગામના સ્થાનીક અગ્રણી ખેડૂત પી.ડી અસારી અને લોકોના જણાવ્યા અનુસાર બાવળીયા,રતનપુરી સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ખૂંખાર દીપડો છેલ્લા કેટલાક સમયથી આતંક મચાવી એકલ દોકલ પશુઓનું મારણ કરી રહ્યો છે લોકો ઘરની બહાર નીકાળવામાં અને ખેડૂતો રાત્રે ખેતીનું રખોપુ કરવા જતા પણ ગભરાઈ રહ્યા છે વનવિભાગ તંત્ર દ્વારા સત્વરે દીપડાને પાંજરે પુરવામા આવેની માંગ કરી હતી

# પ્રજાના સાચા સેવક તરીકે લોકોના હ્દયમાં સ્થાન પામતા પાલનપુર નગરપાલિકાના કોર્પોરેટર જાગ્રૃતિબેન મહેતા



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આપણે વાત કરી રહ્યા છીએ પાલનપુર નગરપાલિકાના ના એક એવા કોરપોરેટર ની જેમના કામ થી લોકો તેમને ઓળખે છે જી હા આપણે વાત કરીએ છીએ પાલનપુર નગરપાલિકાના કોરપોરેટર જાગ્રૃતિબેન વિજયભાઈ મહેતા ની જેમનો જન્મ ૧૭-૦૯-૧૯૮૩ માં અમદાવાદ ખાતે થયો હતો ત્યારબાદ તેઓ રંગોલી સ્કૂલમાં સંચાલક તરીકે સેવા આપતા હતા ૨૦૧૫ માં પ્રથમવાર નગરપાલિકા ના કોરપોરેટર તરીકે ચુટાઇ આવ્યા. જેમાં તેમના કોઠાસૂઝ પ્રમાણે આગવી કળા થી અને જાતે જ કામનુ ધ્યાન રાખી કરવા થી પાર્ટીએ નોધ લઈ તેમને પાલનપુર મહિલા મોરચા પ્રમુખ તરીકે ની જવાબદારી સોપી તેમાં પણ તેમને સર્વશ્રેષ્ઠ કામગીરી નિભાવી તેમને તેમના વિસ્તારમાં આવતા શૈક્ષણિક પછાત વિસ્તારમાં બાળકો ને મફત શિક્ષણ ના ક્લાસ શરૂ કરી પોતે પણ ત્યાં શિક્ષણ આપવા માટે જતા હતા જાગ્રૃતિબેન એ દેવીપૂજક સમાજ ની બે દિકરીઓને ભણાવવા માટે ની જવાબદારી લીધી હતી જેની સ્કૂલ ફી પણ પોતે ભરતા હતા તથા કોઈ સારા માણસો ને ભલામણ કરી બીજી પણ દીકરીઓને અભ્યાસ માં મદદરૂપ થતા હતા મધ્યમ વર્ગની મહિલાઓ ને આર્થિક રીતે મદદરૂપ થવા અને કામકાજ કરવા સારૂ વાત્સલ્ય સેવા ટ્રસ્ટ ની શરૂઆત કરી હતી જે આજે વીસ જેટલી બહેનો ને રોજગારી પુરી પાડે છે

લોકડાઉન ના કપરા સમયમાં પણ એક પ્રજાના સેવક તરીકે ની કામગીરી તેમને નિષ્ઠાપૂર્વક નિભાવી હતી જેમાં ગરીબ અને જરૂરિયાત મંદ લોકોને પંદર દિવસ સુધી બે ટાઈમ ભોજન ની વ્યવસ્થા કરી આપી હતી રાશનકીટ,મેડિકલ કીટ નું પણ વિતરણ કરાયું હતું તથા લોકોને ઉપયોગી થાય અને રોજગાર મળી રહે તે માટે ઘરે ઘરે માસ્ક બનાવવાની કામગીરી સોપવામાં આવી હતી જેમની સેવાકીય પ્રવૃત્તિઓ ને ધ્યાનમાં રાખી જાગૃતિબેન ને ૮ મી માર્ચ એટલે કે વિશ્વ મહિલા દિવસે પાલનપુર કલેકટર હસ્તે શ્રેષ્ઠ નારી સન્માનપત્ર આપવામાં આવ્યું હતું હાલમાં પણ સ્થાનિક સ્વરાજ્ય ની ચુંટણી નું રણસીગુ ફુકાઈ ગયું છે તો શું ભારતીય જનતા પાર્ટી લોકચાહના મેળવી ચુકેલા જાગ્રૃતિબેન ફરીથી ચુટણી મેદાને ઉતારશે કે કેમ??? લોકોની પણ તીવ્ર ઈચ્છા છે કે તેમના પ્રતિનિધિ તરીકે આવા સેવાકીય લોકો આવે આવે અને લોકોની પણ અપેક્ષાઓ ફલીભુત થાય....

# શ્રી દાંતીવાડા ખડોસ આંજણા ચૌધરી સમાજ આયોજિત તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

દાંતીવાડા તાલુકાના ચોડુંગરી ખાતે નવીન વિધા સંકુલ ખાતે સ્નેહમિલન તેમજ વડીલ વંદના થકી સમાજમાં એકતા અને સંસ્કારોનું ચિંતન શિક્ષણ થકી સમાજમાં ઉન્નતિ કરવાનો મુખ્ય હેતુ આગેવાનો દ્વારા કરવામાં આવી રહ્યો છે આ પ્રસંગે સમાજના મોટી સંખ્યામાં મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા પરમ પૂજય મહંતશ્રી ૧૦૦૮ લેહરભારર્થીજી મહારાજ દ્વારા આવેલ સમાજના વડીલો,વાલીઓ તેમજ ડીગ્રી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને આશીર્વચન આપવામાં આવ્યા હતા તેમજ સામાજીક માર્ગદર્શક નહેલબેન ગઢવી દ્વારા મહિલાઓની શિક્ષણ માટે ચિંતા વ્યક્ત કરી હતી જેમાં મોઘજીભાઈ ચૌધરીએ સમાજમાં રહેલ વ્યસન રૂપી કુરિવાજો ને દૂર કરી શિક્ષણ તરફ આગળ વધવા માટે આહવાન કરવામાં આવ્યું હતું જેમાં ખડોસ ઝલાના પ્રમુખ પી.જે.ચૌધરીએ પણ જણાવ્યુ હતુ કે તમામ સમાજના લોકોને સાથે રાખી મારા દાંતીવાડા ને હરિયાળો બનાવવો એજ મારો સ્વાર્થ છે મને મારુ નામ મોટું કરવાનો મને કોઈજ સ્વાર્થ નથી એવું પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું આ પ્રસંગે સમાજના નામીઆનમી લોકો મોટી સખ્યાંમાં હાજર રહ્યા હતા..

# રાજસ્થાનના ખનીજ માફિયાએ અરવલ્લી રોયલ્ટી ઈન્સ્પેકટરને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરિયાદ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં ખનીજ માફિયાઓ બેફામ બન્યા છે જીલ્લામાં લાલ માટી,મોરમ,રેતી-કપચીનું મંજૂરી મેળવીને તે સિવાયના સ્થળે કે મંજુરીથી વધુ વિસ્તારોમા કે મંજુરી મેળવ્યા વગર જ ખનીજ ચોરી અનેક જગ્યાએથી થાય છે તે જગજાહેર બાબત છે, આવા સ્થળો લગત વિભાગથી અજાણ હોય તેવુ તો બને નહી માટે ક્યારેક ઈન્સ્પેક્શન ક્યારેક ખનીજ ભરેલા વાહન ડીટેઈન કરવા નાના મોટા કેસ કરવા વગેરે છમકલા તો તંત્ર કરે છે કેમકે થોડો કલર બતાવે તો જ ભોગ કોઇ ધરવા લાગે ને? હાલ ખાણખનીજ વિભાગના બે કર્મચારીઓ ખનીજ માફિયાઓને છાવરતાં હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે દૂધ પાઈને મોટા કરેલ ખનીજ માફિયાઓ હવે ખનિજતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓને ફૂંફાડા મારી રહ્યા હોય તેવી ઘટના બનતા ભારે ચકચાર મચી છે રોયલ્ટી ઈન્સ્પેકટર ધવલ સતપુતે રાજસ્થાનના ખનીજ માફિયાની ઓવરલોડ ટ્રક પકડતા જાનથી મારી નાખવાની ખનીજ માફિયાએ ધમકી આપતાં રોયલ્ટી ઈન્સ્પેક્ટરે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

અરવલ્લી જીલ્લા રોયલ્ટી ઈન્સ્પેકટર ધવલ સતપુતે અને તેમની ટીમે મોડાસા શહેરની દેવરાજ ચોકડી નજીક બિનઅધિકૃત ખનીજ ખોદકામ-વહન-સંગ્રહની પ્રવૃત્તિઓની તપાસમાં હતા. આ દરમ્યાન એક ટ્રક આવતાં તે રોકી વજન કરાવવાની કામગીરી ચાલી રહી હતી ત્યારે ટ્રક માલિક ફોર્ચ્યુનર ગાડી લઇ ઘટનાસ્થળે પહોંચી ટ્રક છોડી દેવા માથાકૂટ કરી રોયલ્ટી ઈન્સ્પેક્ટર સાથે ગેરવર્તણુક અને ધક્કામુકી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં રોયલ્ટી ઈન્સ્પેક્ટર ફફડી ઉઠ્યા હતા અને સમગ્ર ઘટના અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ખનીજ માફિયા અને ટ્રક ચાલક વિરુદ્ધ ફરીયાદ નોંધાવી હતી સમગ્ર ઘટનાને વહીવટી આલમમાં ખળભળાટ મચ્યો છે મોડાસા ટાઉન પોલીસે શખ્શો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અરવલ્લી ખાણખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટરે ઓવરલોડ રેતી ભરીને જતાં ટ્રકને રોકતાં તેમને ધમકી અપાઇ હોવાની ફરીયાદ નોંધાઇ છે. ગત તા.૨ ફેબ્રુઆરીના રોજ મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની સુચનાથી રોયલ્ટી ઈન્સ્પેકટર ધવલ રેતી ભરીને જતી એક ટ્રકને રોકાવી હતી. જેમાં ચાલકની પુછપરછ કરતાં આ રેતી સાગવાડા-રાજસ્થાન લઇ જવાતો હોવાનું કહ્યું હતુ. જેથી ખાણખનીજની ટીમે તપાસ કરતાં રોયલ્ટી પાસ કરતાં વધુ રેતી ભરી હોઇ તેને સાઇડમાં કરવા કહ્યું હતું. રેતીનું વજન કરાવવા સહિતની કવાયત હાથ ધરી હતી. આ દરમ્યાન ટ્રકના માલિક રાજસ્થાન સીમલવાડાના ભાવેશ કલાલ આવી જતાં તેણે રોયલ્ટી ઈન્સ્પેક્ટરની ફરજમાં રૂકાવટ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ટ્રક ભગાડી મુકી હતી. સૂત્રોએ જણાવ્યું હતુ કે, ખાણખનીજની ટીમે તાત્કાલિક ભાગેલ ટ્રકનો મેધરજ-ઉન્ડવા રોડ પર પીછો કરતાં તે મળી ન હતી. આ દરમ્યાન ટ્રકનો માલિક પોતાની ખાનગી કાર લઈને રસ્તા વચ્ચે ઉભી રાખી ફરજમાં રૂકાવટ કરી હતી. આ સાથે સરકારી ગાડીને લાત મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ ગતિવિધિનો વિડીયો બનાવી અમારી ગાડી પકડવાની કોઇપણ અધિકારીમાં હિંમત નથી અને અમો સીમલવાડા એરીયાના મોટા ડોન છીએ કહી વિડીયો વાયરલ કર્યો હતો.


જેને લઈ રોયલ્ટી ઈન્સ્પેક્ટરે ટ્રક માલિક ભાવેશ કલાલ અને કમલેશ નામના ટ્રક ચાલક સામે ફરીયાદ નોંધાવતા મોડાસા પોલીસે આરોપીઓ સામે આઇપીસી ૩૭૯, ૫૦૪, ૧૮૬, ૧૮૮, ૫૦૩, ૫૦૬(૨) , એમએમડીઆરની કલમ ૪(૧)(a),૨૧ અને ગુજરાત ખનીજ ખાણ અને હેરફેર સંગ્રહ નિવારણ ૨૦૦૫ની કલમ ૨૧ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



**સ્વ. કમળાબેન ભાયચંદભાઇ પ્રજાપતિ ની પુણ્યતિથિ ની સેવાદિન તરીકે ઉજવણી" અનોખી રીતે સ્પેશલ ચિલ્ડ્રન કેર હોમ પાલનપુર ખાતે ના બાળકો ને સ્કૂલબેગ વિતરણ કરી અનોખી રીતે તરીકે સેવાદિન ની ઉજવણી કરી**

**આજ રોજ સ્પેશલ ચિલ્ડ્રન હોમ હનુમાન ટેકરી પાલનપુર સાથે જોડાયેલા બાળકોને જય શ્રી અંબે સેવા ટ્રસ્ટ" ગઠામણ દરવાજા ની "વાનર સેના" અને વાનર સેના ના પ્રમુખ અશોકભાઈ પ્રજાપતિ ( ભોલાભાઈ ) ને તેમના સહયોગી મોહિત ગુર્જર ના સહયોગ થી તેમના માતુશ્રી ની પુણ્યતિથિ ની અનોખી સેવાદિન તરીકે ઉજવણી સ્પેશલ ચિલ્ડ્રન કેર હોમ પાલનપુર ના બાળકોને સાથે રહી સ્કૂલબેગ વિતરણ કરવામાં આવી પુણ્યતિથિ ની અનોખી સેવાદિન" તરીકે સેવાકીય પ્રવુતિ દ્વારા શ્રદ્ધા સૂમન અર્પણ કરવામાં આવી**

# AAP પાર્ટીએ ટીંટોઈ-૨ તાલુકા પંચાયત સીટ પર રાહુલ સોલંકી અને સરડોઇ સીટ પર મંજૂલાબેન સોલંકી નામના ઉમેદવાર જાહેર કર્યા



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીનો રંગ જામ્યો છે હાલ રાજકારણ સાથે સંકળાયેલ લોકો ટીકીટ મેળવવા એડીચોટીનું જોર લગાવી રહ્યા છે જીલ્લામાં આમ આદમી પાર્ટીએ પણ જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણીમાં કેટલીક બેઠકો પર ચૂંટણીમાં જંગમાં ઝંપલાવાનું નક્કી કરી લીધું હોવાની સાથે યોગ્ય મૂરતિયા શોધવાની સાથે સંગઠનનો વ્યાપ વધારવા બેઠકો યોજી રહી છે આમ આદમી પાર્ટીએ મોડાસા તાલુકામાં સમાવિષ્ટ ટીંટોઈ-૨ અને સરડોઇ બેઠક અનુસુચિત જાતિ માટેની અનામત હોવાથી બંને બેઠક પર અનુસૂચિત જાતિ સમાજના બે ઉમેદવારોની જાહેરાત કરી અને અનુસૂચિત જાતિ સમાજના ૫૦૦ થી વધુ કાર્યકરોને આમ આદમી પાર્ટીમાં જોડાયા હોવાની જાહેરાત કરી હતી

અરવલ્લી જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વિજય પ્રાપ્ત કરવા ભાજપ-કોંગ્રેસ ઉમેદવારોની પસંદગી માટે મહામંથન મહામંત સાથે બેઠક પ્રભારી અને બંને રાજકીય પક્ષોના અગ્રણીઓ બંધ બારણે બેઠકો પર બેઠક યોજી રહ્યા છે બીજીબાજુ જીલ્લાના રાજકારણમાં પાપા પગલી માંડી રહેલી આમ આદમી પાર્ટીએ મોડાસા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ટીંટોઈ-૨ અનુસૂચિત જાતિ બેઠક પર યુવા અગ્રણી રાહુલ સોલંકી અને સરડોઇ બેઠક પર મંજુલાબેન સોલંકીની ઉમેદવાર તરીકે જાહેર કરી જીલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો લાવી દીધો છે આમ આદમી પાર્ટી તાલુકા પ્રમુખ કમલેશ પંડ્યા,ઉપપ્રમુખ કરીમભાઇ અને મંત્રી ભરત મકવાણાની હાજરીમાં ૫૦૦ થી વધુ લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા કોંગ્રેસની પરાંપરાગત મતબેંક ગણાતી અનુસુચિત જાતિ સમાજના લોકો આપ પાર્ટીમાં જોડાતા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસને ભારે નુકશાન સહન કરવું પડી શકે છે બીજીબાજુ ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોમાં આમ આદમી પાર્ટીએ ઉમેદવારો જાહેર કરતા ભાજપને ફાયદો થશે તેવું માની રહ્યા છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.